# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1. ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજીનો ત્રીજો તબક્કો આજથી નવી દિલ્હીમાં શરૂ
2. ગૃહ મંત્રાલયે ઓવરસીઝ સિટિઝન્સ ઓફ ઈન્ડિયા સંબંધિત નિયમો કડક બનાવ્યા
3. નવી દિલ્હીમાં યોજાનાર સ્વતંત્રતા દિવસ સમારોહમાં 210 પંચાયત નેતાઓ ખાસ મહેમાનો તરીકે ઉપસ્થિત રહેશે
4. બિહારની મુખ્ય નદીઓમાં પાણીનો પ્રવાહ વધતા 10 જિલ્લાઓના 19 લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા
5. ભારતના ગુલવીર સિંહે પુરુષોની 3 હજાર મીટર દોડની નોન-ઓલિમ્પિક સ્પર્ધામાં પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# INDIA-SINGAPORE

ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજીનો ત્રીજો તબક્કો નવી દિલ્હીમાં યોજાઇ રહ્યો છે. કેન્દ્રીય મંત્રીઓ ડૉ. એસ. જયશંકર, નિર્મલા સીતારમણ, અશ્વિની વૈષ્ણવ અને પીયૂષ ગોયલ ગોળમેજીમાં ઉપસ્થિત રહ્યા. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સિંગાપોરના નાયબ પ્રધાનમંત્રી ગાન કિમ યોંગ અને વિદેશમંત્રી જોસેફાઇન ટીઓ સહિત સિંગાપોરના મંત્રીઓ પણ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

મંત્રાલયે જણાવ્યુ, મંત્રીસ્તરીય ગોળમેજી ભારત-સિંગાપોર સહયોગ માટે નવો એજન્ડા નક્કી કરવા માટે એક અનોખી પદ્ધતિ છે. ભારત અને સિંગાપોર એક વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે અને મંત્રીસ્તરીય ગોળમેજીનો ત્રીજો તબક્કો આપણા દ્વિપક્ષીય સંબંધોને વધુ વિસ્તૃત અને ગાઢ બનાવવાના માર્ગો ઓળખશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MHA-OCI

ગૃહ મંત્રાલયે ઓવરસીઝ સિટિઝન્સ ઓફ ઈન્ડિયા- **OCI** સંબંધિત નિયમો કડક બનાવ્યા છે.

મંત્રાલયે જણાવ્યુ, જો કોઈ વ્યક્તિને બે વર્ષ કે તેથી વધુ કેદની સજા ફરમાવવામાં આવે છે, અથવા તેની સામે સાત વર્ષ કે તેથી વધુ કેદની સજાપાત્ર ગુના માટે ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે, તો તેનું **OCI** નોંધણી રદ કરાશે.

**OCI** કાર્ડ વિદેશમાં રહેતા ભારતીય મૂળના વ્યક્તિઓ અને તેમના જીવનસાથીઓને બહુવિધ-પ્રવેશ, બહુ-ઉદ્દેશીય આજીવન વિઝા, તેમજ ચોક્કસ આર્થિક અને શૈક્ષણિક અધિકારો પ્રદાન કરે છે.

**(વોઇસ કાસ્ટ: RAJESH-MEENA)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PANCHAYAT LEADERS - INDEPENDENCE DAY

15 ઓગસ્ટે નવી દિલ્હીમાં યોજાનાર સ્વતંત્રતા દિવસ સમારોહમાં 28 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 210 પંચાયત નેતાઓ ખાસ મહેમાનો તરીકે ઉપસ્થિત રહેશે. આ વર્ષના ખાસ મહેમાનોમાં મોટી સંખ્યામાં મહિલા પંચાયત નેતાઓનો સમાવેશ થાય છે જેમણે તેમની

ગ્રામ પંચાયતોમાં વધુ સારી માળખાગત સુવિધા, જાહેર સેવાઓમાં વધારો અને સમાવિષ્ટ સમુદાય પહેલ જેવા સુધારા લાવ્યા છે.

પંચાયતી રાજ મંત્રાલયે જણાવ્યું છે કે આ ખાસ મહેમાનોએ હર ઘર જલ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અને મિશન ઇન્દ્રધનુષ જેવી મુખ્ય યોજનાઓને પૂર્ણ કરવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ ખાસ મહેમાનો માટે આવતીકાલે નવી દિલ્હીમાં ઔપચારિક સન્માન કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ દરમિયાન, AI સંચાલિત સભાસાર એપ્લિકેશન શરૂ કરાશે.

આ વર્ષના કાર્યક્રમની થીમ "આત્મનિર્ભર પંચાયત, વિકાસ ભારત કી પહેચાન" છે જે વિકસિત ભારતના મુખ્ય સ્તંભ તરીકે આત્મનિર્ભર પંચાયતોના વિઝનને દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

(તિરંગા ટ્યુન)

## HAR GHAR TRIRANGA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે હર ઘર તિરંગા અભિયાનના ભાગ રૂપે તેમના નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. સોશિયલ મીડિયા પર

એક પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે આ અભિયાન એક જન આંદોલન બની ગયું છે જે સમગ્ર દેશને એકતાના દોરમાં બાંધે છે અને દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે 'હર ઘર તિરંગા અભિયાન' હેઠળ પોતપોતાના નિવાસસ્થાને તિરંગો ફરકાવ્યો હતો.

ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સાહાએ અગરતલામાં ભવ્ય રાજવી મહેલ ઉજ્જયંતા પેલેસ ખાતે તિરંગા રેલીનું નેતૃત્વ કર્યું હતું જેમાં ઓલિમ્પિક ચંદ્રક વિજેતા દીપા કર્માકર અને વિવિધ વર્ગના લોકોએ હાજરી આપી હતી.મુખ્યમંત્રીએ હર ઘર તિરંગા કાર્યક્રમ દ્વારા દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપનારાઓને શ્રદ્ધાંજલિ આપી હતી.

પંજાબમાં જલંધર અને રાજ્યના અન્ય સ્થળોએ તૈનાત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને સરહદ સુરક્ષા દળ દ્વારા 'હર ઘર તિરંગા' રેલીઓની શ્રેણી યોજાઈ રહી છે.

એક પ્રેરણાદાયક ક્ષણમાં, હરિયાણાથી મીડિયા-સ્ટુડન્ટ એસોસિએશન દ્વારા આયોજિત "તિરંગા યાત્રા", 150 થી વધુ વિદ્યાર્થીઓ અને મીડિયા સહયોગીઓ સાથે જલંધરના BSF ફ્રન્ટિયર હેડક્વાર્ટર ખાતે પહોંચી. ૧૦ ઓગસ્ટથી શરૂ થયેલી આ દેશભક્તિ યાત્રા ૧૬ ઓગસ્ટના રોજ કાશ્મીરમાં પૂર્ણ થશે, જે સમગ્ર ભારતમાં એકતાનો સંદેશ ફેલાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ-RAJASTHAN ACCIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનના દૌસા જિલ્લાના અકસ્માતમાં થયેલી જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, સુશ્રી મુર્મું એ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે આ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના ઝડપથી સ્વસ્થ થવાની પણ કામના કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SUSHIL BAIL

સર્વોચ્ચ અદાલતે આજે બે વખતના ઓલિમ્પિક ચંદ્રક વિજેતા સુશીલ કુમારના જામીન રદ કર્યા છે. તે જુનિયર રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયન સાગર ધનકરની હત્યાનો મુખ્ય આરોપી છે.ન્યાયમૂર્તિ જસ્ટિસ સંજય કરોલ અને પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે દિલ્હી વડી અદાલતના સુશિલ કુમારને જામીન આપવાના આદેશને રદ કર્યો હતો.

ન્યાયમૂર્તિ એ કહ્યું હતું કે સુશીલે એક અઠવાડિયામાં આત્મસમર્પણ કરવું પડશે. વડી અદાલત સમક્ષ પોતાની જામીન અરજીમાં, સુશીલે દલીલ કરી હતી કે તે પહેલાથી જ સાડા ત્રણ વર્ષ જેલમાં વિતાવી ચૂક્યો

**છે. અદાલતે લાંબા સમય સુધી જેલવાસ અને ટ્રાયલની ધીમી ગતિની નોંધ લેતા, તેને જામીન આપ્યા હતા.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# BIHAR FLOOD

**બિહારમાં ગંગા, ગંડક, સોન, કોસી, મહાનંદા અને બાગમતી સહિતની મુખ્ય નદીઓમાં પાણીનો પ્રવાહ વધવાને કારણે, રાજ્યના 10 જિલ્લાના**

19 લાખથી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે. ભાગલપુર, મુંગેર, બેગુસરાય, વૈશાલી, ભોજપુર, ખગરિયા અને પટણા જિલ્લાઓ પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સામેલ છે.

ઉપરવાસમાં સતત વરસાદને કારણે રાજ્યમાં મોટાભાગની નદીઓના પાણીનું સ્તર વધી ગયું છે અને તેમાંથી મોટાભાગની નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. માત્ર ભાગલપુરમાં જ સાડા ચાર લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. ગંગામાં વધતા પાણીના સ્તરને કારણે ભાગલપુર શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## YEMEN ATTACK ISRAEL

યમનના હુથી જૂથે જણાવ્યું હતું કે તેમણે ઇઝરાયલના શહેરો હાઇફા, નેગેવ, ઇલાત અને બીર શેવાને નિશાન બનાવીને ચાર ડ્રોન હુમલા કર્યા છે.

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાઓ ઇઝરાયલ દ્વારા નરસંહાર, ભૂખમરો અને વિસ્થાપન દ્વારા પેલેસ્ટિનિયન હેતુને દૂર કરવાની યોજનાના અમલીકરણના જવાબમાં કરવામાં આવ્યા હતા.

જૂથના કથિત હુમલાઓ અંગે ઇઝરાયલ તરફથી હજુ કોઈ નિવેદન કરવામાં આવ્યું નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NETANYAHU-HAMAS

ઇઝરાયલ પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું, હમાસ સાથે આંશિક યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવાના કરાર હવે શક્ય નથી.

ઇઝરાયલી પ્રસારણકર્તા સાથેની એક મુલાકાતમાં, નેતન્યાહૂએ કહ્યું કે આંશિક કરાર પર પહોંચવાની શક્યતા હવે પાછળ છે. તેમણે વિરોધીઓ અને ભૂતપૂર્વ વરિષ્ઠ લશ્કરી અધિકારીઓના આરોપોને પણ નકારી કાઢ્યા હતા કે તેઓ યુદ્ધને લંબાવી રહ્યા છે.

તેમણે કહ્યું કે તેમનો ધ્યેય સંઘર્ષનો અંત લાવવાનો, હમાસને હરાવવાનો અને તમામ કેદીઓને મુક્ત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GREECE FIRE

જંગલમાં લાગેલી આગને કારણે ગ્રીસમાં જનજીવન ભારે પ્રભાવિત થયું છે. છેલ્લા **24** કલાકમાં જંગલમાં આગ લાગવાની **82** ઘટના નોંધાઈ છે. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ રહી છે.

અસરગ્રસ્ત વિસ્તારમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. છેલ્લા કેટલાક અઠવાડિયા થી ગ્રીસ ભારે ગરમી અને દુષ્કાળનો સામનો કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GULVEER RECORD

ભારતના ગુલવીર સિંહે પુરુષોની 3 હજાર મીટર દોડની નોન-ઓલિમ્પિક સ્પર્ધામાં પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો છે. તેમણે બુડાપેસ્ટમાં ગ્યુલાઈ ઇસ્તવાન મેમોરિયલ - હંગેરિયન એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસમાં પાંચમું સ્થાન મેળવ્યું.

તેમણે 7 મિનિટ 34.49 સેકન્ડમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં બોસ્ટન યુનિવર્સિટી ડેવિડ હેમેરી વેલેન્ટાઇન ઇન્વિટેશનલ મીટમાં બનાવેલા 7 મિનિટ 38.26 સેકન્ડના પોતાના રાષ્ટ્રીય રેકોર્ડને તોડી નાખ્યો. 27 વર્ષીય ગુલવીર સિંહ યુરોપમાં પોતાની પ્રથમ ટ્રેક રેસમાં લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRAQ-SYRIA ENERGY COOPERATION

ઇરાકના તેલ મંત્રી હયાન અબ્દુલ ગનીએ સીરિયાના ઉર્જા વડા મોહમ્મદ અલ-બશીર સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ તેલ, ગેસ અને ઉર્જામાં દ્વિપક્ષીય સહયોગ અંગે ચર્ચા કરી.

ઇરાકના તેલ મંત્રાલય દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે બંને પક્ષોએ કિરકૂક-બનિયાસ પાઇપલાઇનની વર્તમાન પરિસ્થિતિ અને કાચા તેલની નિકાસ માટે તેનો ઉપયોગ કરવાની શક્યતા અંગે ચર્ચા કરી હતી.

તેઓ પાઇપલાઇનની સ્થિતિ અને તેના દ્વારા નિકાસ ફરી શરૂ કરવાની શક્યતાનો અભ્યાસ કરવા માટે એક સંયુક્ત સમિતિ બનાવવા પણ સંમત થયા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .